**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**National Evening News 01-04-2025 at 7.50-8.00 PM**

**નમસ્કાર,આકાશવાણી**

**(ઓપનિંગ સીંગનેચર ટ્યુન)**

**સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

**મુખ્ય સમાચાર**

**(અંડર પ્લે)**

*******************************************************

1) ભારત અને ચિલીએ આપત્તિ વ્યવસ્થાપન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં સહયોગ માટે સમજૂતીઓ કરી
2) આવતીકાલે વક્ફ (સુધારા) ખરડો, 2025 લોકસભામાં વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવશે.
3) અમદાવાદના સાબરમતી આશ્રમને પુનઃવિકાસ માટે હસ્તગત કરવા સામેની અરજી સર્વોચ્ચ અદાલતે ફગાવી
4) બનાસકાંઠાનાં ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટનામાં 18નાં મોત.
5) શેરબજાર સૂચકાંક સેન્સેક્સમાં 1390 પોઇન્ટ અને નિફ્ટીમાં 353 પોઇન્ટનો કડાકો
6) IPL ટી-20 ક્રિકેટમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે પંજાબ કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# CHILE PREZ VISIT

ભારત અને ચિલીએ આજે આપત્તિ વ્યવસ્થાપન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં સહયોગ માટે સમજૂતીઓનું આદાનપ્રદાન કર્યું હતું. બંને પક્ષોએ એન્ટાર્કટિકા સહયોગ પર ઇરાદાપત્રનું પણ આદાનપ્રદાન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિએલ બોરિક ફ્રૉન્ટ સાથે ભારત-ચિલી સંબંધો મુદ્દે વાતચીત કરી હતી. એક અખબારી નિવેદનમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ભારત માટે ચિલી લેટિન અમેરિકામાં મહત્વનું મિત્ર અને ભાગીદાર છે. તેમણે ચિલીને ભારત માટે એન્ટાર્કટિકા માટેનું પ્રવેશદ્વાર ગણાવ્યું.

(BYTE PM PARTNERSHIP)

વિદેશ મંત્રાલયના સચિવ પેરિયાસામી કુમારને જણાવ્યું કે, ભારત અને ચિલી દ્વિપક્ષીય વેપાર અને રોકાણ વધારવા માટે સર્વગ્રાહી આર્થિક ભાગીદારી સંધિ પર ચર્ચા કરવા સંમત થયા છે.

ચિલીના રાષ્ટ્રપતિ શ્રી બોરિકે જણાવ્યું હતું કે, બંને નેતાઓએ આરોગ્ય મુદ્દે અને ચિલીને ટકાઉ ટેકનોલોજી તેમજ નવીનતા માટે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે સ્થાપિત કરવાની યોજના વિશે વાત કરી હતી.

શ્રી બોરિક આજથી પાંચ દિવસની ભારત યાત્રાએ આવ્યા છે.

------------------

# WAQF-RIJIJU

વક્ફ (સુધારા) ખરડો, 2025 આવતીકાલે બપોરે 12 કલાકે લોકસભામાં વિચારણા માટે અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવશે. લઘુમતી બાબતોના મંત્રાલયનો પણ હવાલો સંભાળતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે સંસદ ભવનમાં માધ્યમો સાથેની વાતમાં કહ્યું કે ગૃહમાં ખરડા પર આઠ કલાક ચર્ચા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, સંસદની કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં, ગૃહનો અભિપ્રાય લીધા પછી ચર્ચાનો સમય વધારવા સંમતિ સધાઈ હતી.

તેમણે ઉમેર્યું હતું કે, સરકાર બિલ અંગેના તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. શ્રી રિજિજુએ આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષો તેમની તુષ્ટિકરણની રાજનીતિને કારણે આ કાયદો લાવવાનો વિરોધ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ તેનાં તમામ સાંસદોને આવતીકાલે લોકસભા અને ત્રીજી એપ્રિલે રાજ્યસભામાં હાજર રહેવા વ્હિપ જારી કર્યો છે.

----------

# LS-AGRICULTURE

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના વધી રહેલા ભાવ છતાં સરકાર સબસિડી દ્વારા ખેડૂતોને પરવડે તેવા ભાવે ખાતર આપે છે. લોકસભામાં તેમણે કહ્યું હતું કે, કૃષિ ઉત્પાદન માટે ખાતર એક આવશ્યક ઘટક છે અને સરકારે ખાતરના ભાવને અંકુશમાં રાખવા માટે પગલાં લીધાં છે.

(BYTE SHIVRAJ ON FERTILIZER)

શ્રી સિંહે જણાવ્યું કે, સરકારે પાક પર જળવાયુ પરિવર્તનની અસરને ઘટાડવા માટે ખેડૂતોને આબોહવા પ્રતિરોધક ઉચ્ચ ઉપજ આપતી જાતોનાં બીજ પ્રદાન કરવાનો નિર્ણય લીધો છે.

================

# BANASKANTHA DEATH

બનાસકાંઠાના ડીસાના ફટાકડાના ગોડાઉનમાં થયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક 18 એ પહોંચ્યો છે. ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યકત કરતાં મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી હતી.

ઘટના અંગે રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ ફેક્ટરીમાં લાયસન્સ વિના ફટાકડા સ્ટોરેજ કરવામાં આવ્યા હતા, જેનું લાયસન્સ પણ રિન્યૂ કરાયું ન હતું. શ્રી પટેલે જણાવ્યું કે ઘટના અંગે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

દરમિયાન, કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની ચિંતા કરવા સરકારને અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે બનાસકાંઠાના ડીસાના ગોડાઉનમાં ફટાકડા બનાવવાની કામગીરી દરમિયાન અચાનક વિસ્ફોટ થતાં 18 શ્રમિકોના મોત થયા હતા.

------------

## RS- TRIBHUVAN BILL

રાજ્યસભામાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી ખરડો, 2025 પર ચર્ચા ચાલી રહી છે. ખરડામાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ- IRMA નું નામ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી કરવાની અને તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવાની જોગવાઈ છે. આ સંસ્થા 'સહકાર સે સમૃધ્ધિ'નાં સ્વપ્નને સાકાર કરવા સહકારી ક્ષેત્રમાં ટેકનિકલ અને મેનેજમેન્ટ શિક્ષણ તથા તાલીમ આપશે, સહકારી ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે.

ખરડા પર ચર્ચાનો પ્રારંભ કરતા કોંગ્રેસના દિગ્વિજય સિંહે સરકાર પર સહકારી ક્ષેત્રનું કંપનીકરણ કરવાનો આરોપ મૂક્યો. તેમણે જણાવ્યું કે, દર પાંચ વર્ષે સહકારી મંડળીની ચૂંટણી થવી જોઇએ, પણ કેટલાંક રાજ્યો તેનું પાલન નથી કરતા.

ભારતીય જનતા પાર્ટીના ઇન્દુ બાલા ગોસ્વામીએ જણાવ્યું કે, દેશમાં આઠ લાખ સહકારી મંડળીઓ છે. મંડળીઓ માત્ર નફો કમાવાનું સાધન નથી પણ માનવતાના વિકાસ માટેનો માર્ગ છે.

------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WAVES INDIA CIC SEASON

મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે પહેલીથી 4 મે દરમિયાન યોજાનારી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-WAVES ના ભાગરૂપે શરૂ કરવામાં આવેલી ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ-સીઆઇસીની પ્રથમ સીઝનમાં એક હજાર 100 આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સહિત કુલ  85 હજાર રજીસ્ટ્રેશનની સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. 32 વિવિધ પડકારોમાંથી પસંદગી પ્રક્રિયા બાદ પસંદ કરાયેલા 750 સહભાગીઓને તેમના વ્યક્તિગત પડકારો, પ્રતિભા અને કુશળતાનું પરિણામ પ્રદર્શિત કરવાની તક મળશે.

ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જના વિજેતાઓને મુંબઇ ખાતે એક ભવ્ય સમારોહમાં 'WAVES ક્રિએટર એવોર્ડ્સ'થી સન્માનિત કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# SC-SABARMATI

ગુજરાત સરકાર દ્વારા અમદાવાદના સાબરમતી આશ્રમને પુનઃવિકાસ માટે હસ્તગત કરવા સામે મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ દાખલ કરેલી અરજી પર સુનાવણી કરવાનો સર્વોચ્ચ અદાલતે ઇનકાર કર્યો છે. આશ્રમનાં પુનઃવિકાસને મંજૂરી આપતા વર્ષ 2021નાં ઠરાવને રદ કરવાનો ઇનકાર કરતા ગુજરાત વડી અદાલતનાં ચૂકાદા સામેની સ્પેશ્યલ લિવ પિટિશનને અદાલતે ફગાવી દીધી હતી.

ફરિયાદીએ દલીલ કરી હતી કે સરકારનું પગલું ગાંધીવાદી સિધ્ધાંતોની વિરુધ્ધ છે અને તેનાંથી બંધારણીય જોગવાઇઓનો ભંગ થાય છે. તેમણે જણાવ્યું કે, મહાત્મા ગાંધીએ સાદગી, આત્મનિર્ભરતા અને સામુદાયિક જીવનને ધ્યાનમાં રાખીને સ્વયં આશ્રમનું નિર્માણ કરાવ્યું હતું અને તેનો પુનઃવિકાસ ગાંધીજીનાં વારસાને નબળો પાડી શકે તેમ છે.

અરજકર્તએ દલીલ કરી કે, 1933માં ગાંધીજીએ વંચિતોનાં લાભ માટે આશ્રમ હરિજન સેવક સંઘને સોંપ્યો હતો. ગુજરાત સરકારની યોજના આશ્રમનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યનું અપમાન કરે છે. સર્વોચ્ચ અદાલતે અરજી ફગાવતા હવે આશ્રમનું પુનઃવિકાસ કાર્ય આગળ વધશે.

-------------

# Indian stock markets

નવા નાણાકીય વર્ષનાં પ્રથમ દિવસે આજે ભારતીય શેરબજારના સૂચકાંકમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. આવતી કાલથી અમેરિકા દ્વારા ટેરિફ લાદતા પહેલાં વૈશ્વિક બજારોમાં નરમાઇનો માહોલ છે, ત્યારે સેન્સેક્સ આજે 1390 પોઇન્ટ ઘટીને 76 હજા પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ 353 પોઇન્ટ ઘટીને 23 હજાર 165 પોઇન્ટ પર બંધ રહ્યો હતો.

--------

# GST COLLECTION

માર્ચ મહિનામાં ભારતની ચીજ-વસ્તુ અને સેવા કર- GST વસૂલાત 9.9 ટકા વધીને એક લાખ 96 હજાર કરોડ રૂપિયા થઈ છે. GST સંગ્રહ આ વર્ષે ફેબ્રુઆરીમાં નોંધાયેલા એક લાખ 84 હજાર કરોડ રૂપિયાના સંગ્રહ કરતાં 6.8 ટકા વધુ છે. માર્ચ મહિનામાં કુલ GST આવકમાં સેન્ટ્રલ GSTમાંથી 38 હજાર 100 કરોડ, સ્ટેટ GSTમાંથી 49 હજાર 900 કરોડ, ઇન્ટિગ્રેટેડ GSTમાંથી 95 હજાર 900 કરોડ અને કોમ્પેન્સેશન સેસમાંથી 12 હજાર 300 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. GST વસૂલાતમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશ ટોચના પાંચ રાજ્યોમાં સામેલ છે.

------

# UPI TRANSACTION

**માર્ચ મહિનામાં યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ-યુપીઆઈ વ્યવહારો માસિક ધોરણે 13.59 ટકા વધીને 18.3 અબજ ડોલર થયા હતા, જે ફેબ્રુઆરીમાં 16.11 અબજ ડોલર હતા, એમ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનપીસીીઆઇએ જણાવ્યું છે.**

માર્ચ મહિનામાં યુપીઆઇ આધારિત લેવડદેવડનું મૂલ્ય 24 લાખ 77 હજાર કરોડ રૂપિયાની વિક્રમ સપાટીએ પહોંચ્યું હતું, જે ફેબ્રુઆરી મહિના કરતા આશરે 13 ટકા વધુ છે. દેશમાં દૈનિક ધોરણે 59 લાખથી વધુ યુપીઆઇ વ્યવહારો થયા હતા, જેનું મૂલ્ય 79 હજાર 910 કરોડ રુપિયા છે એમ એનપીસીઆઇનો ડેટા જણાવે છે.

. . . . . . . . . . . . . . . .

# OVERALL MYANMAR-QUAKE TOLL

મ્યાનમારમાં આવેલ વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક 2 હજાર 700 ને વટાવી ગયો છે.જે 3 હજાર થવાની શક્યતા છે. મ્યાનમારના લશ્કરી નેતા મીન આંગ હ્લેઇંગે આજે જણાવ્યું કે, 4 હજાર 500 થી વધુ લોકો ઘાયલ છે અને 441 લાપતા છે.

શુક્રવારે 7.7ની તીવ્રતા સાથે આવેલા ભૂકંપના કારણે અનેક દેશોમાં ભારે જાનહાનિ અને નુકસાન થયું છે. થાઇલેન્ડ, વિયેતનામ, લાઓસ અને દક્ષિણ-પશ્ચિમ ચીનમાં પણ જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઓપરેશન બ્રહ્મા હેઠળ, ભારત ૨૯ માર્ચથી મ્યાનમારને મદદ કરવા માટે બચાવ અને તબીબી વ્યાવસાયિકોની ટીમ, ખોરાક, પાણી, તંબુ, દવાઓ અને આવશ્યક પુરવઠો સહિતની સુવિધાઓ પૂરી પાડી રહ્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે, ઓપરેશન બ્રહ્મા હેઠળ, ભારતીય વાયુસેનાનું વિમાન આજે દિલ્હીથી માંડલે માટે ૧૬ ટન આવશ્યક માનવતાવાદી સહાય, ચોખા અને ખાદ્ય પદાર્થો લઈને રવાના થયું હતું. મંડલેમાં ભારતીય સેનાએ  200 બેડની અત્યાધુનિક ફિલ્ડ હોસ્પિટલ યુનિટ કાર્યરત કર્યું છે. ભારતના 118 કર્મચારીઓ સાથેની તબીબી સુવિધા પહેલાથી જ કાર્યરત છે અને બચી ગયેલા લોકોને સારવાર પૂરી પાડી રહી છે.

--------------

# IPL T20 CRICKET

**ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં ચાલી રહેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે પંજાબ કિંગ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી**

**લખનઉના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ચાલી રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે લખનઉ સુપર જાયન્ટ્સે 5 ઓવરમાં 3 વિકેટે 36 રન કર્યા છે.**

**હાલમાં બંને ટીમના બે-બે પૉઈન્ટ છે. લખનઉ ત્રીજા અને પંજાબ પાંચમા સ્થાને છે. લખનઉની ટીમ રિષભ પંત અને પંજાબની ટીમ શ્રેયસ અય્યરના સુકાની હેઠળ રમી રહી છે.**

. . . . . . . . . . . . . . .